# અમદાવાદમાં કોરોનાનો વધતો આતંક : વધુ ૨૩૪ કેસ

## સુરતમાં ૩૧, વડોદરામાં ૧૫ અને આણંદમાં ૫ કેસો : ૯૩ લોકોને ડિસ્ચાર્જ કરાયા

ગાંધીનગર, તા.૨૯

ગુજરાતમાં કોરોના તાંડવ આજે ગુરુવારના દિવસે પણ યથાવતરીતે જારી રહ્યો હતો. આજે ગુજરાતમાં ૩૦૮ નવા કેસ નોંધાતા કેસોની સંખ્યા વધીને ૪૦૮૨ ઉપર પહોંચી હતી. એકલા અમદાવાદમાં આજે કેસનો જોરદાર વિસ્ફોટ થયો હતો અને ૨૩૪ કેસો સપાટી ઉપર આવ્યા હતા. આજે એક જ દિવસમાં રાજ્યમાં નવ લોકોના મોત થયા હતા આની સાથે જ મોતનો આંકડો ગુજરાતમાં વધીને ૧૧૨ પર પહોંચી ચુક્યો છે. આમ ગુજરાતમાં એક જ દિવસમાં બીજીવાર કોરોનાના ૩૦૦થી વધુ પોઝિટિવ કેસ નોંધાયા છે. આ પહેલા ૧૯ એપ્રિલે ૩૬૭ કેસ નોંધાયા હતા. કોરોના અંગેની અપડેટ આપતા રાજ્યના આરોગ્ય અગ્ર સચિવ જયંતિ રવિએ જણાવ્યું કે, રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના પોઝિટિવના ૩૦૮ નવા કેસ સામે આવ્યા છે. જેમાં અમદાવાદમાં ૨૩૪, સુરતમાં ૩૧, વડોદરામાં ૧૫, આણંદમાં ૧૧, પંચમહાલમાં ૪, રાજકોટમાં ૩, નવસારીમાં ૩ ભાવનગરમાં ૨, ગાંધીનગરમાં ૨,મહેસાણા, બોટાદ અને મહીસાગરના ૧-૧ કેસ સામેલ છે. જ્યારે અમદાવાદમાં ૯, વડોદરામાં ૩, સુરતમાં ૩ અને રાજકોટમાં ૧ મળીને કુલ ૧૬ દર્દીના મૃત્યુ થયા છે. કુલ ૪૦૮૨ દર્દીમાંથી ૩૪ વેન્ટીલેટર પર અને ૩૩૨૪ની હાલત સ્થિર છે. જ્યારે ૫૨૭ દર્દી સાજા થતા તેમને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે અને અત્યાર સુધીમાં કુલ ૧૯૭ દર્દીના મોત થયા છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૫૯૪૮૮ ટેસ્ટ કરવામાં આવ્યા છે, જેમાંથી ૪૦૮૨ના રિપોર્ટ પોઝિટિવ અને ૫૫૦૪૬ના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે. બીજી એક સારી બાબત એ છે કે, પોરબંદર, જામનગર અને મોરબીમાં એક પણ એક્ટિવ કેસ નથી. જો કે આ વાતથી ખુશ થવાની જરૂર નથી, પણ ખૂબ જ ધ્યાન રાખવાની જરૂર છે. લાંબી મથામણ બાદ આખરે ગુજરાત સરકારે રેપિડ કીટથી ટેસ્ટિંગ બંધ કર્યું છે. રાજ્યમાં ૮૯૦૦ જેટલા ટેસ્ટિંગ કર્યા બાદ રેપીડ ટેસ્ટ કીટનો ઉપયોગ બંધ કરવામાં આવ્યો છે. ચીનથી મંગાવવામાં આવેલી કીટથી મોટાભાગના દર્દીઓના ટેસ્ટ નેગેટિવ આવતા હતા. અનિર્ણાયક પરિણામો મળતા હોવાથી કેન્દ્ર સરકારે આ ટેસ્ટિંગ બંધ કરવાનો નિર્ણય કર્યો હતો. નોંધનીય છેકે, ગુજરાતના અનેક જિલ્લાઓમાં રેપીડ કીટથી ટેસ્ટ કરવામાં આવ્યા છે અને એ જિલ્લાઓને કોરોના ફ્રી જાહેર કરવામાં આવ્યા હતા. જેના કારણે સરકાર અને આરોગ્ય વિભાગ દ્વિધામાં મુકાયા છે. ટૂ વ્હીલર પર એકથી વધુ અને કારમાં બેથી વધુ લોકો સવાર હશે તો વાહન જપ્ત થશે રાજ્યના પોલીસ વડા શિવાનંદ ઝાએ જણાવ્યું છેકે, લોકો વચ્ચેનો સંપર્ક ઘટે તે જરૂરી છે. ટૂ વ્હીલર પર એક જ વ્યક્તિએ જરૂર હોય તો બહાર નીકળવું જોઈએ. કારમાં બેથી વધુ લોકો સાથે બેસે તો સંક્રમણ થઈ શકે છે. જો ટૂ વ્હીલરમાં એકથી વધુ અને કારમાં બેથી વધુ લોકો હશે તો વાહન જપ્ત કરવામાં આવશે. ગ્રીનઝોન વિસ્તારના લોકોએ પણ તકેદારી રાખવાની જરૂર છે. સંક્રમણ વધુ હોય ત્યાં સાવચેતીના ભાગરૂપે છૂટછાટ રદ કરવામાં આવી શકે છે. તેમજ જ્યાં સોશિયલ ડિસ્ટન્સિંગ જળવાશે નહીં તો ત્યાં કાર્યવાહી કરવામાં આવશે. પંચમહાલમાં જરૂરી ચીજવસ્તુઓ સિવાયની દુકાનો ખોલવા મંજૂરી અપાઈ હતી, પરંતુ સોશિયલ ડિસ્ટન્સિંગ ન જળવાતા પંચમહાલમાં ચુસ્ત લોકડાઉનનું પાલન કરવા આદેશ કરાયો છે અને એસઆરપીની ટીમ મોકલવામાં આવી છે. સરકાર દ્વારા તુવેરની ખરીદી કરવામાં આવશે, ૧મેથી ૫મે દરમિયાન ખરીદી કરાશે. મુખ્યમંત્રી દ્વારા રાજ્યમાં પાણીની સ્થિતિ સંદર્ભે ચર્ચા કરવામાં આવી હતી. જેમાં રાજ્યમાં પીવાના પાણીની સમસ્યા ન સર્જાય તે પ્રકારનું આયોજન કરવા જણાવવામાં આવ્યું છે. આ માટે જિલ્લા કલેક્ટરને જવાબદારી સોંપવામાં આવી છે. તમામ હેડપમ્પ તાત્કાલિક રિપેર કરીને ચાલુ કરાવવા માટે પણ જણાવાયું હોવાનું મુખ્યમંત્રીના સચિવ અશ્વિની કુમારે જણાવ્યું છે. તેમણે વધુમાં જણાવ્યું છેકે, સરકાર દ્વારા તુવેરની ખરીદી શરૂ કરવામાં આવશે. સરકાર ૧ મેથી ૫ મે સુધી તુવેરની ખરીદી કરશે. આ માટે ૧ ડિસેમ્બરથી ૩૧ જાન્યુઆરી સુધી ખેડૂતો દ્વારા રજીસ્ટ્રેશન કરાવવામાં આવ્યું છે. ઉપરાંત જે ખેડૂતો બાકી રહી ગયા છે તેવા ૧૨ હજાર ખેડૂતોને પણ તેનો લાભ મળશે. ગુજકોમાસોલ દ્વારા ચણા,રાયડાની ખરીદી કરાશે. ૬ શહેર એવા રાજકોટ, અમદાવાદ, સુરત, વડોદરા, પાટણ, ભાવનગરને રેડ ઝોન જાહેર કરવામાં આવ્યા છે.

### ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૨૭૭૭ | ૧૩૭ | ૨૬૩ |
| વડોદરા | ૨૭૦ | ૧૬ | ૮૭ |
| સુરત | ૬૦૧ | ૨૨ | ૪૦ |
| રાજકોટ | ૫૮ | ૦૧ | ૧૬ |
| ભાવનગર | ૪૨ | ૦૫ | ૨૧ |
| આણંદ | ૭૧ | ૦૩ | ૨૩ |
| ભરૂચ | ૩૧ | ૦૨ | ૧૬ |
| ગાંધીનગર | ૩૮ | ૦૨ | ૧૨ |
| પાટણ | ૧૭ | ૧ | ૧૧ |
| પંચમહાલ | ૨૪ | ૨ | ૦૨ |
| બનાસકાંઠા | ૨૮ | ૦૧ | ૦૧ |
| નર્મદા | ૧૨ | ૦૦ | ૧૦ |
| છોટાઉદેપુર | ૧૩ | ૦૦ | ૦૬ |
| કચ્છ | ૦૬ | ૦૧ | ૦૪ |
| મહેસાણા | ૦૮ | ૦૦ | ૦૨ |
| બોટાદ | ૨૦ | ૦૧ | ૦૨ |
| પોરબંદર | ૦૩ | ૦૦ | ૦૩ |
| દાહોદ | ૦૪ | ૦૦ | ૦૧ |
| ગીરસોમનાથ | ૦૩ | ૦૦ | ૦૨ |
| ખેડા | ૦૬ | ૦૦ | ૦૨ |
| જામનગર | ૦૧ | ૦૧ | ૦૦ |
| મોરબી | ૦૧ | ૦૦ | ૦૧ |
| સાબરકાંઠા | ૦૩ | ૦૦ | ૦૨ |
| અરવલ્લી | ૧૮ | ૦૧ | ૦૦ |
| મહીસાગર | ૧૧ | ૦૦ | ૦૦ |
| તાપી | ૦૧ | ૦૦ | ૦૦ |
| વલસાડ | ૦૫ | ૦૧ | ૦૦ |
| નવસારી | ૦૬ | ૦૦ | ૦૦ |
| ડાંગ | ૦૨ | ૦૦ | ૦૦ |
| સુરેન્દ્રનગર | ૦૧ | ૦૦ | ૦૦ |
| **કુલ** | **૪૦૮૨** | **૧૯૭** | **૫૨૭** |

## મોડાસાની સ્ટેટ બેંકની એસ.પી. મયુર પાટીલે લીધી મુલાકાત

### ગ્રાહકોમાં સોશિયલ ડિસ્ટન્સ જાળવવા બેંક અધિકારીઓ સાથે ચર્ચા કરી

મોડાસા, તા. ૨૯

સમગ્ર દેશમા તથા ગુજરાત રાજ્યમાં કોરોના વાઈરસના કેસો દિન પ્રતિ દિન વધી રહ્યા હતા. અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર સરકારે આપેલા લોકડાઉનની અમલવારી માટે ખડેપગે દિવસ-રાત કામ કરી રહ્યું છે. મોડાસા ચાર રસ્તાએ આવેલ સ્ટેટ બેંક આગળ તેમજ અન્ય કેટલીય બેંકમાં સોશિયલ ડિસ્ટન્સ જળવાતો ન હોવાની બૂમો ઉઠી હતી. જીલ્લા પોલીસવડા મયુર પાટીલે મોડાસા ચાર રસ્તા સ્ટેટ બેંક, એક્સિસ બેંક અને ધનસુરા ખાતે આવેલ બેંક ઓફ બરોડાની મુલાકાત લઈ સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા બેંક અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી અને બેંકની કામગીરી અર્થે આવતા ગ્રાહકોમાં ચુસ્તપણે સોશ્યલ ડિસ્ટન્સ જળવાય તેવી સુવિધા ઉભી કરવા તાકીદ કરી હતી.



અરવલ્લી જીલ્લા પોલીસવડા મયુર પાટીલે જણાવ્યું હતું કે જીલ્લામાં આવેલી બેંક શાખાઓમાં સોશ્યલ ડીસ્ટન્સનો અભાવ જોવા મળતો હોવાથી વિવિધ બેંકની મુલાકાત લીધી હતી. મોડાસા શહેરની ચાર રસ્તા નજીક આવેલ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની અધિકારી સાથે ચર્ચા કરી બેંકમાં કામકાજ અર્થે આવતા ગ્રાહકોમાં સોશ્યલ ડિસ્ટન્સ જળવાય તે માટે જરૂરી સૂચના આપી બેંકની બહાર દોરેલ સોશલ્ય ડિસ્ટન્સ માટેના સર્કલ કલરથી દોરવા જેથી ભૂંસાય નહિ અને બેંકમાં ફરજ બજાવતા ચોકીદાર પણ ગ્રાહકોમાં સોશ્યલ ડિસ્ટન્સની અમલવારી કરાવે તેમજ પોલીસકર્મીઓની પણ સોશલ્ય ડિસ્ટન્સ જાળવવા મદદ લઈ શકે છે બેંકમાં કામકાજ અર્થે આવતા ગ્રાહકોમાં સોશલ્ય ડિસ્ટન્સ જાળવવામાં આવેની તાકીદ કરી હોવાનું જણાવ્યું હતું.

## કોરોના સામેના જંગમાં મહેસાણા કોવિડ હોસ્પિટલના ડૉ. સ્નેહાબા રાજપૂત કોરોના વોરીયર બની ફરજ બજાવે છે

સમગ્ર વિશ્વ અત્યારે કોરોના વાયરસ સામે ઝઝુમી રહ્યું છે અત્યંત ચેપી ગણાતા આ રોગમાં ખુબ જ સાવધાની રાખવી પડે છે તેમ છતાં ડૉકટરો દેવદૂત બનીને જાનના જોખમે દર્દીઓની સેવા કરી રહ્યા છે. મહેસાણાની કોવિડ-૧૯ હોસ્પિટલમાં જોખમી કહી શકાય તેવા શંકાસ્પદ દર્દીઓની બિલકુલ નજીકમાં રહીને સ્લેબ લેનાર મહેસાણાનાં સૌથી યંગ લેડી ઇ.એન.ટી. સર્જન ડૉ. સ્નેહાબા રાજપૂતે આજ સુધીમાં ૧૦૨ જેટલાં સ્લેબ લીધા છે અને કોરોના સામેના યુદ્ધમાં નિષ્ઠાવાન સૈનિકની ભૂમિકામાં અડીખમ ઉભા રહી હાલ સાંઈક્રિષ્ણાજ કોવિડ-૧૯ હોસ્પીટલમાં બહુ જોખમી એવી સ્લેબ લેવાની કામગીરી બખુબી નિભાવી રહ્યા છે. મહેસાણા સીવીલ હોસ્પીટલમાં એક વર્ષ અગાઉ ઇ.એન.ટી. સર્જન તરીકે જોડાયેલ ડૉ. સ્નેહાબા કહે છે,





પીપીઈ કીટ પહેરી હોય તો પણ હૃદયમાં ભગવાનને યાદ કરી કોરોના સામેનો જંગ લડી રહ્યા છીએ ત્યારે લોકડાઉન દરમ્યાન કામ વગર બહાર ફરતા લોકોએ પણ ઘરમાં રહી પરિવાર, સમાજ અને શહેરની ચિંતા કરવી જરૂરી છે.

અત્યારે કોવિડ-૧૯ હોસ્પિટલમાં બહુ જોખમી એવા સ્લેબ લેવાની જવાબદારી નિભાવતાં મૂળ હેબુવાનાં વતની અને હાલ મહેસાણામાં રહેતાં ડૉ. સ્નેહાબા દશરથસિંહ રાજપૂત તેમના પરિવારમાં એકનું એક સંતાન છે. તેમના મમ્મી-પપ્પા સરકારી સેવામાં ફરજ બજાવે છે. ડૉ. સ્નેહાબા રાજપૂતે જણાવ્યું કે, કોરોના વૈશ્વિક મહામારીમાં સૈનિક બનીને લોકોની સેવા કરવી એ મારી પવિત્ર ફરજ છે, એનો આનંદ છે તેમણે કહ્યું કે, સ્વાઈન ફ્લૂ પણ આપણ માટે પડકારરૂપ હતો પરંતુ કોરોના જેટલો ગંભીર નહતો. કોરોના નવો ડિસીઝની સાથે તેની રસી ન શોધાતાં એ પણ લોકોમાં ડર છે અને આ ડરને ઘરમાં રહીને જ દૂર કરી શકાય. કોરોનાનાં લક્ષણો વ્યક્તિમાં જણાતાં ન હોવાની બાબત ખૂબ જ ગંભીર છે અને પીપીઈ કીટ પહેરી હોય તો પણ ક્યારેક સ્લેબ લેતાં મનમાં સવાલ ઉઠે છે કે આનો રિપોર્ટ પોઝીટીવ તો નહીં આવે ને. આરોગ્ય કર્મીઓ પણ કોરોનાની ઝપેટમાં આવી ગયા છે ત્યારે ડૉ. સ્નેહાબાએ કહ્યું કે, મેડીકલ સ્ટાફે કોરોનાને લાઈટલી ના લેવો જોઈએ.

પ્રોપર પ્રિકોશન લેવું જરૂરી છે. હું ઘરે જતાં પહેલાં ઘર ખોલાવી રાખું છું અને છેલ્લા દોઢ મહિનાથી મકાનના એક રૂમમાં પરિવારથી દૂર ક્વોરન્ટાઈન રહું છું. કેમ કે, મને ચિંતા છે મારા પરિવારની, મને ચિંતા છે મારા સમાજ અને મારા મહેસાણા શહેરની. ડૉ. સ્નેહાબા રાજપૂત બહાર ફરતા લોકોને એટલું જ કહેવા માગે છે કે ઘરમાં રહેશો તો જ કોરોના સંક્રમણની ચેઈન તોડી શકાશે. તેમણે ઉમેર્યુ કે, અત્યારે ફીઝીકલી ઈમ્યુનીટી સ્ટ્રોંગ થવું જરૂરી છે. એની સાથે ધ્યાન, યોગ, પ્રાણાયમ, સૂર્યનમસ્કાર કરવાથી ફાયદો થશે. વાસી ખોરાક ખાવાનું ટાળો, વિટામીનવાળા ફળ, ઉકાળેલું પાણી પીવો, સોશ્યલ ડિસ્ટન્સ જળવાય તે રીતે એકબીજા સાથે ઈમોશનલી જોડાયેલા રહેવું એ આજના સમયની તાતી જરૂરીયાત છે.

### દર કલાકે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આ પહેલા મંગળવારે કોરોના સંક્રમણના એક દિવસમાં સૌથી વધારે ૧૯૦૨ કેસ આવ્યા હતા. અત્યાર સુધી ૭૭૪૭ દર્દી એટલે કે લગભગ ૨૫% દર્દી સાજા થયા છે. ૯ રાજ્યોમાં સંક્રમિતોની સંખ્યા ૧૦૦૦ કરતા વધારે છે. દર્દીઓના સાજા થવાના કેસમાં તેલંગાણાની સ્થિતિ સૌથી સારી છે. અહીંયા ૧૦૦૯ સંક્રમિતોમાંથી ૩૭૪, એટલે કે લગભદ ૩૭% સાજા થઈ ચુક્યા છે. ત્યારબાદ ૩૩% સાથે દિલ્હી બીજા નંબરે છે. ૧૦૦૦થી ઓછા દર્દી વાળા રાજ્યોમાં કેરળમાં ૭૪% અને હરિયામામાં ૭૩% દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. પંજાબમાં કોરોના વાયરસના ૧૬ નવા કેસ નોંધાયા છે. પંજાબના વિશેષ મુખ્ય સચિવના જણાવ્યા મુજબ, આ નવા કેસોમાં નાંદેડથી પરત ફરનારા ૧૨ યાત્રાળુઓનો સમાવેશ છે. સંપર્કમાં આવતા લોકોને ક્યુરેન્ટેઈન કરવામાં આવી રહ્યા છે. ઉત્તર પ્રદેશના આગ્રામાં કોરોના વાયરસના ૨૧ નવા કેસ મળી આવ્યા છે. આ સાથે, આંકડો અહીં ૪૨૫ પર પહોંચી ગયો છે. આમાંથી ૧૧ લોકોનાં મોત નીપજ્યાં છે, જ્યારે ૬૯ લોકોને રજા આપવામાં આવી છે. હૈદરાબાદમાં અંબરપેટ કન્ટેનમેન્ટ ઝોનની આસપાસનો વિસ્તારને સીલ કરી દેવામાં આવ્યો છે અને અહીં લોકોની અવરજવર બંધ કરી દેવામાં આવી છે. બિહારના બક્સરમાં કોરોના ચેપગ્રસ્ત દર્દીઓની સંખ્યા વધી રહી છે. હવે ત્યાં ૧૨ નવા કોરોના દર્દીઓ મળી આવ્યા છે. આ સાથે બિહારમાં ચેપગ્રસ્ત દર્દીઓની સંખ્યા ૩૭૮ પર પહોંચી ગઈ છે

ખાડી દેશોમાં ફસાયેલા ભારતીયોને બહાર કાઢવાની તૈયારી શરૂ થઈ હોવાનું જણાવીને સૂત્રોએ કહ્યું કે, કોરોના મહામારીના કારણે ખાડી દેશમાં લાખો ભારતીય ફસાયા છે. સરકારી સૂત્રો દ્વારા મળતી માહિતી પ્રમાણે, ફસાયેલા લોકોને બહાર કાઢવા માટે નૌસેના તૈયાર છે. જો જરૂર પડશે તો આ અભિયાનમાં લેન્ડીંગ પ્લેટફોર્મ યુદ્ધપોત ઁદ્મજી જલાશ્વ અને મગર શ્રેણીના બે જંગી જહાજને મોકલવામાં આવશે. સરકારે તેમને તૈયાર રહેવા માટે કહ્યું છે. સૂત્રોએ એવું પણ જણાવ્યું કે,ઁદ્મજી જલાશ્વ હાલ વિશાખાપટ્ટનમથી બહાર છે, સાથે જ મગર શ્રેણીના જંગી જહાજ પશ્ચિમી સમુદ્ર તટ પર છે.

### કેન્દ્રની મંજુરી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવ્યું છે. હવે દરેક રાજ્ય બીજા રાજ્યોથી પોતાના નાગરિકોને પરત લાવી શકશે અને પોતાના ત્યાં ફસાયેલા બીજા રાજ્યના નાગરિકોને તેમના વતન રાજ્યમાં મોકલી શકશે.ગૃહ મંત્રાલયએ જારી કરવામાં આવેલા આદેશમાં જણાવ્યું છે કે, રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશ આ કામ માટે નોડલ ઓથોરિટી રચશે અને ત્યારબાદ આ ઓથોરિટી પોતપોતાના ત્યાં ફસાયેલા લોકોનું રજિસ્ટ્રેશન કરશે ˘જે રાજ્યો વચ્ચે અવરજવર થનાર છે ત્યાંની ઓથોરિટી એકબીજા સાથે સંપર્ક કરી માર્ગ મારફતે લોકોની અવરજવર સુનિશ્ચિત કરશે. જો કે, જે લોકો જવા માંગતા હશે, તેમની સ્ક્રિનિંગ કરવામાં આવશે અને જો તેમાંથી કોવિડ-૧૯ના કોઈ લક્ષણ નહીં જણાય તો જ તેને જવા માટેની મંજુરી આપવામાં આવશે. લોકોની અવરજવર માટે બસનો ઉપયોગ કરી શકાશે. બસોને સેનિટાઈઝેશન કર્યા બાદ તેમાં સોશિયલ ડિસ્ટેન્સિંગના નિયમ મુજબ જ લોકોને બેસાડવામાં આવી શકે છે. કોઈપણ રાજ્ય આ બસોને પોતાની સીમામાં પ્રવેશવાથી રોકી શકશે નહીં અને પસાર થવા માટે મંજુરી પણ આપશે. ડેસ્ટિનેશન પર પહોંચ્યા બાદ લોકોની લોકલ હેલ્થ ઓથોરિટી તરફથી તપાસ કરવામાં આવશે. બહારથી આવેલા લોકોને હરવા ફરવા માટેની મંજુરી રહેશે નહીં અને તેમને હોમ ક્વોરનટાઈનમાં જ રહેવું પડશે.

### ઈરફાન ખાન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હતા. સુતાપા તું આ લડતમાં જે આપી શકતી હતી તે બધું તે આપ્યું. ઓમ શાંતિ. ઈરફાન ખાનને સલામ. ઈરફાન ખાનની ૯૫ વર્ષની માતા સઈદા બેગમનું ત્રણ દિવસ પહેલા જયપુરમાં અવસાન થયું હતું. કોરોના વાયરસને કારણે લાદવામાં આવેલા લોકડાઉનને કારણે અભિનેતા તેની માતાના અંતિમ સંસ્કારમાં ભાગ લઈ શક્યો ન હતો. અભિનેતા કેન્સરમાંથી સ્વસ્થ થયા પછી પરત ફર્યા બાદ ૨૦૧૯ માં ફિલ્મ ''ઈંગ્લિશ મીડિયમ''નું શૂટિંગ કર્યુ હતુ. બોલીવુડના દિગ્ગજ અભિનેતા ઈરફાન ખાન ન્યૂરોએંડોક્રાઈન ટ્યૂમર સામે જંગ હારી ગયાં છે. ૫૪ વર્ષની ઉંમરે ઈરફાન ખાને દુનિયાને અલવિદા કહ્યું છે. ઈરફાન ખાનની તબિયત લથડતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં હતાં. અમિતાભ બચ્ચન, અજય દેવગન, શબાના આઝમી, સોનમ કપૂર, શૂજીત સરકાર, મિનિ માથુર, નીલેશ મિશ્રા, ક્રિકેટર હેમાંગ બદાની, ભૂમિ પેડનેકર, પરિણીતી ચોપરા, સંજય સૂરી, નેહા ધૂપિયા સહિત ઘણાં સેલેબ્સે સોશિયલ મીડિયામાં ઊંડું દુ:ખ વ્યક્ત કર્યું હતું. અમિતાભ બચ્ચને કહ્યું હતું, હમણાં જ ઈરફાન ખાનના નિધનના ન્યૂઝ મળ્યાં, આ દુ:ખદ ન્યૂઝ છે. એક અવિશ્વસનીય પ્રતિભા, એક મહાન સહયોગી, સિનેમાની દુનિયાના જબરજસ્ત યોગદાનકર્તા, ખાલી જગ્યા બનાવી દીધી...આપણને બહુ જલ્દીથી છોડીને ગયા...પ્રાર્થના તથા દુઆ...



### અરવલ્લી જિલ્લાના પ્રાથમિક શિક્ષકોએ મુખ્યમંત્રી ફંડમાં એક કરોડ બે લાખની સહાય

અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષકોએ મુખ્યમંત્રી ફંડમાં એક કરોડ બે લાખ આપ્યા હતા. અરવલ્લી જિલ્લાના તમામ પ્રાથમિક શિક્ષકોએ એક દિવસના પગારની એક કરોડ બે લાખ રૂપિયાથી વધુની રકમ મુખ્યમંત્રી ફંડમાં જમા કરાવી હતી. અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના હોદ્દેદારોએ ૧,૦૨,૬૪૯૫૬ની રકમ જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની ઉપસ્થિતિમાં જમા કરાવી હતી. હાલ કોરોનાને લઈને લોકો ખૂબ સહકાર આપી રહ્યા છે ત્યારે અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષકોએ પોતાનો એક દિવસનો પગાર એક કરોડ બે લાખ ચોસઠ હજાર નવસો છપ્પન રુપિયા મુખ્યમંત્રી ફંડમાં જમા કરાવ્યો હતો. જેમાં ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ સંઘના મહામંત્રી સતીષભાઈ પટેલ, અરવલ્લી જીલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ હસમુખભાઈ પટેલ, ઉપપ્રમુખ અનિલભાઈ પટેલ, મહામંત્રી આશિષભાઈ પટેલ, સહમંત્રી કલાસવા તેમજ મોડાસા, ધનસુરા, બાયડ, માલપુર, મેઘરજ અને ભિલોડા આ તમામ ઘટક સંઘના હોદ્દેદારો ઉપસ્થિતિ રહ્યા હતા. અરવલ્લી જિલ્લા પ્રાથમિક સંઘના હોદ્દેદારોએ આ સહકાર બદલ અરવલ્લી જીલ્લાના તમામ શિક્ષક ભાઈ બહેનોનો આભાર માન્યો હતો.

## મહેસાણામાં બે આરોગ્યકર્મી સહિત ૦૩ દર્દીઓ કોરોના મુક્ત થતાં હોસ્પિટલમાંથી રજા અપાઈ

મહેસાણા જિલ્લામાં સાંઈ ક્રિષ્ણા હોસ્પિટલ કોવિડ-૧૯માં દાખલ થયેલ બે આરોગ્ય કર્મી સહિત ત્રણના રીપોર્ટ નેગેટીવ આપતાં રજા આપવામાં આવી હતી. કોવિડ-૧૯ હોસ્પિટલનો સ્ટાફ અને આરોગ્ય તંત્ર દ્વારા આ દર્દીઓને કોરાનાને મહાત આપી તે બદલ સન્માન કરવામાં આવ્યું હતું

મહેસાણા જિલ્લામાં સાત પોઝીટીવ કેસ નોંધાયેલ છે. જેમાંથી કડી અને વિજાપુરના દર્દીઓને અગાઉ રજા આપી દેવામાં આવી હતી આજે કોવિડ-૧૯ હોસ્પિટલ મહેસાણા ખાતે દાખલ થયેલ ૦૨ આરોગ્ય કર્મી સહિત ત્રણ દર્દીઓને રજા આપવામાં આવેલ છે.

સંપૂર્ણ સાજા થયેલા કોરોના મુક્ત થયેલા ત્રણ દર્દીઓને રોગ મુક્તિના પ્રમાણ પત્ર સાથે વિદાય આપવામાં આવી હતી. આમ તબીબી જ્ઞાન અને અનુભવની સાથે નિષ્ઠા અને ફરજ પરસ્તી નો સમન્વય કરીને આપેલી સારવાર થી ૦૩ દર્દીઓ રોગ મુક્ત થયા હતા.

## અરવલ્લી જિલ્લાના ભિલોડા, મેઘરજ અને માલપુર સબ રજીસ્ટ્રાર કચેરીમાં દસ્તાવેજ નોંધણીની પ્રક્રિયા શરૂ કરાઈ

### બાયોમેટ્રિક પદ્ધતિ તેમજ વિડીયો રેકોર્ડીંગ સહિતની પ્રક્રિયા યથાવત : નગરપાલિકા વિસ્તાર સિવાયની ગ્રામ્ય વિસ્તારોમાં દસ્તાવેજની નોંધણી શરૂ

ભિલોડા, તા. ૨૮

રાજ્ય સરકારના મહેસૂલ વિભાગ દ્વારા ૨૦-૪-૨૦૨૦થી રાજયમાં આવેલ તમામ સબ-રજીસ્ટ્રાર કચેરીઓ પૈકી મહાનગર પાલિકા તથા નગરપાલિકા સિવાયની ગ્રામ્ય વિસ્તાર ૯૮ની સબ-રજીસ્ટ્રાર કચેરીઓમાં દસ્તાવેજ નોંધણીની પ્રક્રિયા શરુ કરવાનો સરકાર દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે. ત્યારે અરવલ્લી જીલ્લામાં ભિલોડા, મેઘરજ અને માલપુરની સબ-રજીસ્ટ્રાર કચેરીઓમાં દસ્તાવેજ નોંધણીની ઓનલાઈન પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

અરવલ્લી જિલ્લામાં આવેલ ગ્રામ્ય વિસ્તારની સબ રજીસ્ટ્રાર કચેરીમાં દસ્તાવેજ નોંધણી માટે આવતા દરેક પક્ષકારે કચેરી બહાર સેનિટાઈઝરથી હાથ સાફ કરીને કચેરીમાં પ્રવેશ કરવાનો રહેશે. દસ્તાવેજ નોંધણી માટે આવનાર અરજદાર, વકીલ, બોન્ડ રાઈટર વગેરેએ કોરોનાના સંક્રમણને નાથવા માટે આપવામાં આવેલી તમામ સૂચનાઓનું પાલન કરવાનું રહેશે. ગરવી વેબ સાઈટ માં ર્::// ક્ષ્ઠૠિ.ક્ષ્ઙ્મદ્ઠૠિ.ક્ષ્ર્દ્બ.હ પર ઈ-પેમેન્ટ અને દસ્તાવેજ માટે ઓનલાઈન અપોઈન્ટમેન્ટ મેળવવાની રહેશે. ફક્ત ઓનલાઈન અપોઈન્ટમેન્ટ લીધેલ તથા ઈ પેમેન્ટથી ઓનલાઈન નોંધણી ફી ભરેલ દસ્તાવેજની જ નોંધણી થઈ શકશે. હાલ ફકત દસ્તાવેજ નોંધણીની કામગીરીને પ્રાથમિકતા આપવાની રહેશે. ઈન્ડેક્ષ નકલ દસ્તાવેજની ખરી નકલ તથા શોધ રીપોર્ટની સુવિધા હાલ પુરતી બંધ છે.

દસ્તાવેજની નોંધણી માટે અંગુઠાનું નિશાન બાયોમેટ્રિક પદ્ધતિથી તેમજ વિડીયો રેકોર્ડીંગ સહિતની પ્રક્રિયા યથાવત રાખવામાં આવી છે. દરેક પક્ષકારે કચેરીમાં ફરીજીયાત માસ્ક પહેરવાનું તથા સામાજિક અંતર જાળવવાનું રહેશે. એમ અરવલ્લી જિલ્લા મોડાસાના નોંધણી નિરીક્ષકશ્રીએ જણાવ્યું છે.



## ભિલોડામાં કાપડ અને રેડીમેડના વેપારીઓની દુકાનો ખોલવા રજુઆત

કોરોના વાયરસની મહામારી દરમ્યાન લૉકડાઉન હોઈ નાના નાના વેપારીઓની આર્થિક સ્થિતી હવે કથળી રહી છે.કાપડ અને રેડીમેડના વેપારીઓને દુકાનો ખોલવાની છુટછાટ અપાય તેવી આશા વેપારીઓ રાખી રહ્યા છે. અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે કાપડ અને રેડીમેડના વેપારીઓની દુકાનો ખોલવા સંદર્ભે લેખિતમાં ધારદાર રજુઆત નાના નાના વેપારીઓ ધ્વારા કરાઈ હતી.રાજ્ય સરકાર અને વહીવટી તંત્ર ધ્વારા આવશ્યક ચીજવસ્તુઓ સહિત વિવિધ ચીજવસ્તુઓ વેચતા વેપારીઓને આંશિક છુટછાટ અપાઈ છે ત્યારે કાપડ અને રેડીમેડ એસોસીએશન અને વેપારીઓ ધ્વારા દુકાનો ખોલવા સંદર્ભે અરવલ્લી જીલ્લા કલેક્ટર,અરવલ્લી જીલ્લા વિકાસ અધિકારીને ઈ-મેલ મારફતે પત્ર પાઠવ્યો હતો.ભિલોડા મામલતદાર કચેરી,ભિલોડા તાલુકા વિકાસ અધિકારી અને ભિલોડા ગ્રામ પંચાયત તલાટી કમ મંત્રી,સરપંચને દુકાનો ખોલવા સંદર્ભે અનુમતી પ્રદાન કરવા લેખિતમાં રૂબરૂ પત્ર આપી ન્યાયિક રજુઆત કરાઈ હતી.